# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, જુનાગઢ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ

સર્કલ ઓફીસ, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, આઝાદ ચોક, એમ.જી.રોડ, જુનાગઢ – ૩૬૨૦૦૧

ફોન નં. : ૦૨૮૫ – ૨૬૨૨૧૬૭/૨૬૫૭૮૭૭ website : forumjunagadh.pgvcl@gebmail.com

CIN:U40102GJ2003SGC042908


પીજીવીસીએલ/સીજીઆરએફ/૬૦/ક્વા-૦૪/૨૦૧૯-૨૦/૨૪ તા.૦૫/૦૯/૨૦

૨૦૦૩ના ભારતીય વીજળી અધિનિયમની કલમ નં. ૪૨(૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ રાજકોટના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

**No. PG – ૬૦/ક્વા-૪/૧૯-૨૦**

અરજદાર: શ્રી સરપંચ શ્રી અમરાભાઇ રાણાભાઈ ગામ: ટંકારીયા

સબડીવીઝન: કલ્યાણપુર

**:: વિરુધ્ધ ::**

સામાવાળા: કાર્યક્ષેત્ર: કાર્યપાલક ઈજનેર પીજીવીસીએલ વિભાગીય કચેરી દ્વારકા

**:: કોરમ ::**

| | | |
|---|---|---|
| ૧) ચેરપર્સન | : | શ્રી બી.પી.બુચ |
| ૨) મેમ્બર સ્વતંત્ર | : | શ્રીમતી નીતીનાબેન એચ. જોશી |
| ૩) મેમ્બર ટેકનીકલ | : | શ્રી કે.વી.ભટ્ટ |

તારીખ: મંગળવાર (૧૮.૦૮.૨૦૨૦)

**:: અરજદારની રજૂઆત ::**

૧.૦ અરજદારશ્રી રજુઆતમાં જણાવે છે કે, તેઓશ્રી અરજદાર ટંકારીયા ગ્રામ પંચાયત કચેરી વાડી વિસ્તાર માં આવેલ વોટરવર્કસ શાખા નું વીજ કનેક્શન જે જ્યોતિ વીજ લાઇન માથી વર્ષો જૂનું આવેલું છે. તે પીજીવીસીએલ ગ્રાહક નં. ૮૫૭૩૯/૦૦૯૧૦/૩ નું કનેક્શન અમારી ગ્રામ પંચાયત ભરે છે.આમ આ પાણી નું પરબ છે અને ત્યાંથી વાડી વિસ્તારમાં રહેતા લોકો પાણી પીવાનું મેળવે છે. તથા વટે માર્ગુ માટે પીવાના પાણી નો ટાંકો બનાવેલો છે અને બેસવા માટે બેંચીસ મૂકેલી છે. આ યોજના થી આશરે ૫૦૦ માણસો ને પીવાનું પાણી મળે છે. આમ છતાં સામાંવાળા એ એક તરફી નિર્ણય લઈ આ ટી.સી. ઉતારી ગયેલ છે.અને પાવર સપ્લાય બંધ કરી દીધેલ છે. હાલમાં

સામાવાળા મારફતે અમોને કોઈપણ જાત ની જાણ કર્યા વગર આ ૨૪ કલાક જ્યોતિ પાવર સપ્લાય વાળું ટી.સી. ઉતારી ગયેલ છે. અને નવું ૮ કલાક પાવર સપ્લાય વાળું ટી.સી. મૂકી જશું તેમ જણાવેલ છે. ૮ કલાક પાવર રાત્રે આવે તો પીવાનું પાણી દિવસે જરૂર પડે તો તેનો ખ્યાલ રાખ્યા વગર આ લોકો ટી.સી. ઉતારી ગયા છે. અમો અરજદાર શ્રી આ ટી.સી. મારફતે કાયમી પીવાનું પાણી મેળવીએ છીએ.આ લોકો ભાગીદારી નું ભગીરથ કામ કરે છે.આમ છતાં સામાવાળા કોઈ જોયા જાણ્યા વગર એક માસ ઉપરાંત ટી.સી. ઉતારી ગયા છે. આ માટે અમોએ સામાવાળા ને જાણ કરતી અરજી પણ કરેલ છે.આમ છતાં એક માસ જેટલો સમય થઈ ગયો હોવા છતાં કોઈ કાર્યવાહી થઈ નથી તો તુરત આ બાબતે હતું તેમ યથાવત જ્યોતિ ગ્રામ માથી અમોને આ ટીસી મુજબ પાવર સપ્લાય મળે તેવું ઘટતું કરવા અરજ કરી છીએ.અરજદારશ્રીએ અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૨.૦ અરજદારશ્રી ની લેખીત રજૂઆત મુજબ ગ્રા.નં. ૮૫૭૩૯/૦૦૯૧૦/3 થી વોટરવર્કસ વીજ કનેક્શન ધરાવે છે.જે ગ્રામ પંચાયત ટંકારીયા દ્વારા ભરપાઈ કરવામાં આવે છે.

૨.૧ સદર અરજદારશ્રી દ્વારા સદર કનેક્શન વોટરવર્કસ વાડી વિસ્તારનું જ્યોતિ ગ્રામ નું ટીસી ઉતારી જવાથી પડતી મુશ્કેલી બાબતે અરજદારશ્રી દ્વારા રજૂઆત કરવા માં આવેલ છે.

૨.૨ સદર ફરિયાદ બાબતે અરજદારશ્રી ની રજૂઆત મુજબ નું વીજ સપ્લાય પેટા વિભાગીય કચેરી દ્વારા 11 કેવી નાગેશ્વર સ્કાય ફિડર માથી ચાલુ કરી આપેલ છે.

૨.3 પીજીવીસીએલ પક્ષકાર ની રજૂઆત મુજબ અરજદારશ્રીની ફરીયાદ અન્વયે વીજપાવર સપ્લાય અંગે નું કામ પૂર્ણ કરેલ હોય અરજદારશ્રીની ફરીયાદનું સંતોષકારક નિવારણ થતા અરજદારશ્રી એ તા.૨૦.૦૪.૨૦૨૦ના રોજ સમાધાન પત્રમાં સહી કરી આપેલ છે.

## :: હુકમ ::

3.0 અરજદારશ્રીની રજૂઆત અન્વયે પેરા નં ૧.૦ અન્વયે પેરા નં. ૨.૨ મુજબ પીજીવીસીએલ કક્ષાએથી ફરિયાદનું નિરાકરણ થતા પીજીવીસીએલ દ્વારા અરજદારની સહીવાળું સમાધાન પત્ર તા.૨૦.૦૪.૨૦૨૦ થી રજુ કરેલ છે.તે મુજબ સદર બાબતે અરજદારને કોઈ રજૂઆત કરવાની રહેતી નથી.

3.૧ આમ ફોરમ કમિટી કક્ષાએથી કઈ કરવાનું રહેતું ન હોય અરજદારની સદર ફરીયાદ દફતરે કરવામાં આવે છે.

3.૨ આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

| | | |
|---|---|---|
| શ્રીમતી નીતીનાબેન એચ. જોશી | શ્રી કે.વી.ભટ્ટ | શ્રી બી.પી.બુચ |
| સ્વતંત્ર સભ્ય | મેમ્બર (ટેકનીકલ) | ચેરપર્સન |